# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૭૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા ૪/૭/૨૦૨૩

- **ગુજરાતમા પ્રતિબંધિત જંતુનાશક દવાઓનુ બેરોકટોક ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યુ છે અને બીજી બાજુ પ્રાકૃતિક ખેતી કરવા ખેડુતો ઉપર ભાર મુકાઈ રહ્યો છે. ભાજપા સરકાર માનવ જીવન અને સજીવ સૃષ્ટીના ભોગે ઉદ્યોગગૃહોને સાચવી રહી છે. - મનહર પટેલ**
- **કેન્દ્ર સરકારે 10 ઓક્ટોબર 2005ના રોજ, Monocrotophos (Cancellation of Certificate of Registration) Order, 2005થી શાકભાજીના પાકોમાં મોનોક્રોટોફોસના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે અને WHO-વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને તેને પ્રાણ ઘાતક ગણાવી છે છતાં પદ્મ વિભુષણ રજનીકાંત દેવીદાસ શ્રોફની કંપની યુનાઈટેડ ફોસ્ફરસ લિમીટેડ ( UPL) કંપની ઉત્પાદન કરે છે. - મનહર પટેલ**

આજે ખેતી માટે જંતુનાશક દવા પૈકી કેટલીક પ્રતિબંધિત હોવાથી શાકભાજીના પાકમાં વાપરી શકાતી નથી કારણ કે તેનુ ઉત્પાદનની છુટ છે, Pesticide Act 1986 તથા Pesticide Rules 1971માં આવી હાનિકારક જંતુનાશક દવાઓનું વિતરણ/ વેચવા અંગે કડક જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે 10 ઓક્ટોબર 2005ના રોજ, Monocrotophos (Cancellation of Certificate of Registration) Order, 2005થી શાકભાજીના પાકોમાં મોનોક્રોટોફોસના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો હતો.

આ મોનોક્રોટોફોસના છંટકાવ વેળાએ કૃષિ-શ્રમિકોના મોત થાય છે. આ જંતુનાશકનો છંટકાવ કર્યો હોય તેવી શાકભાજી હાનિકારક છે. મોનોક્રોટોફોસના ઘાતક ઝેરના કારણે WHO-વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને તેને શ્રેણી-1 જંતુનાશકમાં સામેલ કરી છે. શ્રેણી-1ના જંતુનાશકોમાં બેહદ ખતરનાક છે. આ જંતુનાશક દવાની થોડી માત્રા જીવ લઈ શકે તેટલી ખતરનાક છે.

CIBRC-સેન્ટ્રલ ઈન્સેક્ટિસાઈડસ બોર્ડ એન્ડ રજિસ્ટ્રેશન કમિટી મુજબ 18 પેસ્ટિસાઈડ શ્રેણી-1 માં રજિસ્ટર્ડ થયેલાં છે. ઉપયોગમાં લેવાતા જંતુનાશક દવાઓમાં 30% શ્રેણી-1 ના જંતુનાશકો હોય છે.

2013માં ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના પૂર્વ પ્રોફેસર અનુપમ વર્માના અધ્યક્ષસ્થાને વિશેષજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિએ વિશ્વના કેટલાંક દેશોમાં પ્રતિબંધિત હોય તેવા 66 જંતુનાશકોની તપાસ કરવાની હતી. આ સમિતિની ભલામણ અનુસાર 2018માં શ્રેણી-1ના 3 અને 2021 મા શ્રેણી-1 ના 4 પેસ્ટિસાઈડ પર પ્રતિબંધ મુકવામા આવ્યો છે. પરંતુ આશ્ચર્યની બાબત એ હતી કે તે સૂચિમાં મોનોક્રોટોફોસ સામેલ ન હતું.

અભ્યાસના અંતે જાણવા મળ્યુ કે ખતરનાક પ્રતિબંધિત જંતુનાશક દવાનુ ઉત્પાદન કચ્છના રજનીકાંત દેવીદાસ શ્રોફની કંપની યુનાઈટેડ ફોસ્ફરસ લિમીટેડ ( UPL) કરી રહી છે અને તેમને ભારતના લોકોને આડકતરી રીતે ઝેર

આપવાની આ ઉમદા સેવા બદલ ભારત સરકારે જાન્યુઆરી 2021માં રજનીકાંત શ્રોફનું પદ્મભૂષણથી સન્માન કરેલ હતું.


ભારત સરકારના પર પ્રતિબંધિત ભારત સરકારના દફતરે શ્રેણી ૧ બેહદ ખતરનાક જંતુનાશક યાદીમા મોનોક્રોટોફોસ આવે છે.USAમાં, 1995 થી જ monocrotophos તથા methamidophos પર પ્રતિબંધ છે.

એક તરફ ગુજરાતના ગવર્નર ઓર્ગેનિક ખેતી/ ગાય આધારિત કૃષિની ઝૂંબેશ ચલાવે છે; બીજી તરફ કેન્દ્ર સરકાર પ્રતિબંધિત જંતુનાશક દવાના ઉત્પાદકોનુ બહુમાન કરી રહી છે. રાષ્ટ્રના લોકોને ખતરનાક જંતુનાશક દવા કોઇને કોઇ ખેતી પાકોના માધ્યમથી માનવ શરિરમા જાય છે અને અનેક ગંભીર બિમારીમા દેશ આજે પીડાઈ રહ્યો છે. દર વર્ષે ભારતમા ૧૨ લાખ લોકો કેન્સરથી મૃત્યુ પામે છે.અને લોકોના દર વર્ષે દુનિયાભરમા મોત થાય છે તેના ૯૦ % મોત ભારતમા થાય છે. એક સર્વે કહે છે કે દુનિયાની ૬૪ % ખેતી લાયક જમીન પર જંતુનાશક દવાના પ્રદુષણનો ખતરો મંડાઈ રહ્યો છે.(બીબીસી ઓકટો-૨૦૨૨)

**થોડા ગંભીર સવાલ -**

1. પ્રાકૃતિક ખેતી અને પ્રતિબંધિત જંતુનાશક દવાનુ ઉત્પાદન/ઉપયોગ ચાલુ રહે તે વિરોધાભાષી નથી ?
2. શું સરકારે એવી કોઈ વ્યવસ્થા ગોઠવેલ છે કે ખેડૂતો Monocrotophos 36% SLનો ઉપયોગ શાકભાજીના પાક પર ન કરે?
3. શું UPLનું મોનોક્રોટોફોસ છૂટથી મળતું નથી ? તેનો ઉપયોગ છૂટથી થતો નથી ? આ સંકેત મુજબ રાજ્ય સરકાર પ્રાકૃતિ ખેતી તરફ વાળવા ગંભીર છે ?
4. મોનોક્રોટોફોસના ઉત્પાદન/સપ્લાઈ પર પ્રતિબંધ નથી, તો તેના ઉપયોગ પર પ્રતિબંધ શક્ય છે ?
5. 1995માં અમેરિકાએ જે ઝેર (મોનોક્રોટોફોસ) પર પ્રતિબંધ મૂક્યો છે તે ઝેર (મોનોક્રોટોફોસ)ના ઉત્પાદક ભારતમા કરોડો માનવ જીવ અને સજીવ સૃષ્ટીના વિનાશનુ કારણ બની રહ્યા છે અને તેને ભારત સરકાર પદ્મભુષણ થી સન્માન કેટલુ વાજબી છે ?

યુનાઈટેડ ફોસ્ફરસ લિ.ના માલીક અને તેની પ્રતિબંધિત જંતુનાશક દવામા સમર્થન અને બચાવ કરતા કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે 22 ફેબ્રુઆરી 2021ના રોજ, લોકસભામાં કહ્યું હતું. ‘કપાસ, અનાજ, મકાઈ, ચણા, અડદ, મગ, શેરડી, નારિયેળ,લીંબુ, કેરી, મરચા, ઈલાયચીના પાકોમાં મોનોક્રોટોફોસના ઉપયોગ પર પ્રતિબંધ નથી, આમ મોનોક્રોટોફોસના ઘાતક ઝેરના કારણે WHO-વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને તેને શ્રેણી-1 જંતુનાશકમાં સામેલ કરી છે. શ્રેણી-1ના જંતુનાશકોમાં બેહદ ખતરનાક છે. છતાં યુનાઈટેડ ફોસ્ફરસ લિ. કંપની પ્રત્યે ભાજપાનુ સમર્થન દેશ માટે ચિંતાનો વિષય છે.



મનહર પટેલ

પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ